# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/364 Dt. 16/03/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'રિસ્ક મેનેજમેન્ટ ૩૬૦ : ફાયર, સાયબર એન્ડ બિયોન્ડ' વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને બદલાતી જોખમભરી પરિસ્થિતિઓમાં યોગ્ય સુરક્ષા અને ઇન્સ્યુરન્સ કવરેજ અંગે જાગૃત બનાવવાના હેતુથી શુક્રવાર, તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'રિસ્ક મેનેજમેન્ટ ૩૬૦ : ફાયર, સાયબર એન્ડ બિયોન્ડ' વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં ઉદ્યોગો માટે ફાયર, સાયબર તથા અન્ય જોખમો સામે યોગ્ય ઇન્સ્યુરન્સ કવરેજ હોવું ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. ઉદ્યોગ સાહસિકો પાસે ઘણીવાર પોલિસી અને કલેઇમ પ્રક્રિયા અંગે પૂરતી માહિતી ન હોવાને કારણે મુશ્કેલીઓ ઊભી થતી હોય છે, આથી ચેમ્બર આવા કાર્યક્રમો દ્વારા ઉદ્યોગોને માર્ગદર્શન આપવા માટે સતત પ્રયત્નશીલ છે.

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડ (રિજીયોનલ ઓફિસ, વડોદરા)ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી આશિષ ડામોરે વિવિધ ફાયર પોલિસીઝ, કવરેજ અને કલેઇમ્સની પ્રક્રિયાઓ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાં આગ જેવી દુર્ઘટનાઓથી મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થવાની સંભાવના રહેતી હોય છે. તેથી યોગ્ય ફાયર ઇન્સ્યુરન્સ પોલિસી પસંદ કરવી અને તેમાં સમાવિષ્ટ કવરેજ અંગે સ્પષ્ટ સમજ રાખવી ખૂબ જ આવશ્યક છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફાયર પોલિસીમાં બિલ્ડિંગ, મશીનરી, સ્ટોક તેમજ અન્ય સંપત્તિઓને આવરી લેતી વિવિધ પ્રકારની કવરેજ ઉપલબ્ધ હોય છે. દુર્ઘટના સમયે કલેઇમ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે યોગ્ય દસ્તાવેજીકરણ અને પોલિસીની શરતો વિશે અગાઉથી જાણકારી હોવી જરૂરી છે, જેથી નુકસાનની ભરપાઈ સમયસર મળી શકે.

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડ – સુરતના આસિસ્ટન્ટ મેનેજર શ્રી ઋષભ શાહે સાયબર ઇન્સ્યુરન્સ, લાયબિલિટી, સંપૂર્ણ સુરક્ષા એન્ડ પેરામેટ્રિક ઇન્સ્યુરન્સ સંદર્ભે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં સાયબર હુમલાઓ, ડેટા ચોરી અને ઓનલાઈન ઠગાઈ જેવા જોખમો સતત વધી રહ્યા છે, જેના કારણે ઉદ્યોગો માટે સાયબર ઇન્સ્યુરન્સ ખૂબ જ જરૂરી બની ગયું છે. યોગ્ય સાયબર કવરેજ દ્વારા ડેટા બ્રિચ, બિઝનેસ ઇન્ટરપ્શન અને લીગલ લાયબિલિટી જેવી પરિસ્થિતિઓમાં થતા નુકસાનથી સંસ્થાઓને સુરક્ષા મળી શકે છે.

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડ – બારડોલીના બ્રાન્ચ મેનેજર શ્રી મિલિન સાદડીવાલાએ જણાવ્યું હતું કે, સંપૂર્ણ સુરક્ષા પોલિસી અને લાયબિલિટી ઇન્સ્યુરન્સ દ્વારા સંસ્થા તથા કર્મચારીઓ બંનેને વ્યાપક સુરક્ષા મળી શકે છે. તદુપરાંત પેરામેટ્રિક ઇન્સ્યુરન્સ જેવી આધુનિક પોલિસી દ્વારા કુદરતી આફતો અથવા ચોક્કસ પરિસ્થિતિઓમાં ઝડપથી કલેઇમ સેટલમેન્ટ થઈ શકે છે, જે વ્યવસાયને ઝડપી પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ બને છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્સ્યુરન્સ કમિટીના ચેરમેન શ્રી મહેરનોશ તોડીવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.